# શહેરની કલા સંસ્થા શિવરંજનીનો આજે સુવર્ણજયંતિ વર્ષમાં પ્રવેશ

## સંગીતના સંરક્ષણ-સંવર્ધન સાથે શ્રોતાઓની ગુણવત્તા માટે જાણીતી 'શિવરંજની'

*આપણા પોતીકા સંગીત, સાહિત્ય અને તેનાથી પોષાતા સૂર શબ્દના સંસ્કારને જાળવવાના હેતુથી વર્ષ ૧૯૭૨માં જુન માસથી પ્રારંભ થયેલી ગાંધીનગરની કલા સંસ્થા ''શિવરંજની'' આજે ૪૯ વર્ષ પૂર્ણ કરી ''સુવર્ણ જયંતિ'' વર્ષમાં પ્રવેશ કરી રહી છે. જ્યારે કોઈ સંસ્થા અડધી સદીની યાત્રા કરે ત્યારે તે માત્ર સંસ્થા નથી રહી જતી પરંતુ એક ઐતિહાસિક વારસા સમાન ઘરેણું બની જાય છે, એમાં પણ માત્ર સંગીતના ''સંવર્ધન અને સંરક્ષણ''ના હેતુને લક્ષ્યને નજર સમક્ષ રાખીને ગાંધીનગર જેવા નાનકડાં શહેરમાં શાસ્ત્રીય સંગીતથી માંડીને સુગમ સંગીત-લોકસંગીતના વિધ્વાન શ્રોતાઓ તૈયાર કરતી રાજેન્દ્ર ભટ્ટ સ્થાપિત શિવરંજની સંસ્થા ૫૦મા વર્ષમાં પ્રવેશી રહી છે તે પાટનગરા માટે ઉમળકાભરી ઘટના છે. આ પ્રસંગે ગાંધીનગર સમાચારે શિવરંજની સંસ્થાના વર્તમાન પ્રમુખ વાગ્મિન બુચ સાથે વાર્તાલાપ કરી સંસ્થાની સુવર્ણમય સુરીલી સફર અંગે જાણવા પ્રયાસ કર્યો છે.*

**પ્ર. - શિવરંજનીના સુવર્ણજયંતિ વર્ષ પ્રસંગે શું અનુભવી રહ્યાં છો ?**

જ. શિવરંજનીનો હેતુ ભારતીય સંગીતના તમામ પ્રકારોનું સંવર્ધન અને સંરક્ષણ કરવાનો છે જેમાં અમે સંગીતના તમામ પ્રકારો



જેમાં શાસ્ત્રીય સંગીતથી માંડીને ગુજરાતી સુગમ અને લોકસંગીત સુધી વૈવિધ્યસભર રીતે એટલે કે વિવિધ થીમ આધારિત જેમ કે ઋતુ પ્રધાન કાર્યક્રમો વગેરે યોજીને એક ખાસ પ્રકારનો શ્રોતા વર્ગ ઉભો કર્યો છે તેનો હૈયે આનંદ છે. અમે ગાંધીનગરના યુવા ક્લાસિકલ કલાકારોનો મલ્હાર રાગ આધારિત કાર્યક્રમ કર્યો હતો તેમજ ગઝલ, ભજન વગેરે આધારિત કાર્યક્રમો પણ કરી ચુક્યાં છીએ. અમારો વિષય એવો છે કે મર્યાદિત શ્રોતાવર્ગ મળે પરંતુ ''સંગીત એજ ઉપાસના''ને મંત્ર બનાવીને નાના શહેરમાં વધતા ખર્ચા અને કલાકારોની વધતી અપેક્ષાઓમાં 'સામા વેણે તરવા' જેવું કપરૂ કાર્ય પણ ''ઓછા સમાધાને'' કર્યુ તેમ છતાં આ સંસ્થા ટકી રહી છે તેનો આનંદ અને સંતોષ છે.

**પ્ર. - આટલા વર્ષની સફરમાં ''માઈલસ્ટોન'' સમાન યાદગાર કાર્યક્રમ કયો હતો ?**

જ. - આમ તો શિવરંજનીએ દરેક કાર્યક્રમ યાદગાર બની રહે તે માટે કોઈ જ કસર રાખી નથી, અમે ભારતના સૌથી પ્રતિષ્ઠિત કલાકારો અને ગુજરાતી સંગીતના લોકગાયકો સુધીની વૈવિધતા આવરી લીધી છે. આમ છતાં, મારી દૃષ્ટિએ પંડિત હરિપ્રસાદ ચૌરસિયાનો ''બાંસુરી ઉત્સવ''એ માઈલસ્ટોન કહી શકાય, કેમ કે સામાન્ય રીતે પંડિતજી ક્યાંય એક કલાકથી વધુ પરફોર્મન્સ આપતા નથી પરંતુ તે કાર્યક્રમમાં તેમણે સતત અઢી કલાક સુધી વગાડ્યું હતુ એટલું જ નહીં કાર્યક્રમ બાદ તેમણે કહેલા શબ્દો અમારા માટે પુરસ્કાર સમાન હતા. તેમણે કહ્યું હતું કે ''મુઝે યે બાત કી ખુસી હૈ કી ''શિવરંજની'' કે ઓડિયન્સમે સે ''રાગ'' બજાને કી ફરમાઈસ મીલી હૈ, સામાન્યતઃ ફિલ્મી ગાનો કી હી ફરમાઈશ હોતી હૈ.''

**પ્ર. - આ સફર દરમ્યાન કેવી મુશ્કેલીઓ આવી ?**

જ. - અમારી સંસ્થાની શરૂઆત ૧૯૭૨માં તા. ૨૪મી જુને પંડિત ઓમકારનાથ ઠાકુરની જન્મ જયંતિના દિવસે સેક્ટર-૨૦માં જ્યાં હાલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કાર્યરત છે તે સમયની સેંટ ઝેવિયર્સ હાઈસ્કલમાં સીડી નિચેની ખુલ્લી જગ્યામાં પાથરણાં પાથરીને યોજવામાં આવેલા કાર્યક્રમથી થઈ હતી જેમાં સ્ટેજ પણ નાણાં બચાવવા વિદ્યાર્થીઓને બેસવાની પાટલીઓ જોડીને બનાવાયુ હતુ. નજીવી સભ્યપદ ફી, સ્ટેજ-હોલની મર્યાદિત સુવિધાઓ તેમજ નાનુ શહેર હોવાથી આર્થિક તંગી હંમેશા રહી. વચ્ચે ચારેક વર્ષનો વિરામ પણ લેવો પડ્યો પરંતુ તે પછી નવપલ્લવિત શિવરંજનીનો દશાબ્દી મહોત્સવ પણ ઉજવ્યો. અમારે ત્યાં આવતા કલાકારોએ શ્રોતાઓ સમક્ષ પરફોર્મન્સ કરવું પડકાર રહેતો અને તેમને સાચી પ્રસંશા પણ મળતી તેથી તેમની પસંદગીનું સ્ટેજ રહેતું તે રીતે અમે શ્રોતાઓની ગુણવત્તા વિકસાવી શક્યા છીએ તેનો આનંદ અને સંતોષ બંને છે.

**પ્ર. - એક માત્ર સંગીત આધારિત કાર્યક્રમો કરવાથી પુરતો પ્રતિભાવ મળતો ?**

જ. - અમે સંગીતના વિવિધ પ્રકારો વર્ણવી લેવા સાથે હંમેશા રીયાઝી શ્રોતા વિકસાવવા પર ધ્યાન આપ્યું છે. ગળાના રીયાઝની વાત તો બધા જ કરે પરંતુ અમે કાનના રીયાઝની વાત કરી છે અને માત્ર હોલ પુરતા મર્યાદિત નથી રહ્યો. અમે પાંચેક વર્ષ તો વિશ્વ સંગીત દિને શહેરના ગ-૧ સંગીત સર્કલે સવારના સમયમાં ખુલ્લામાં કાર્યક્રમો કર્યા છે અને તે પણ સુપ્રસિદ્ધ કલાકારો સાથે. અમે હંમેશા ટીમ વર્કથી કામ કર્યુ છે અને શિવરંજનીને મળેલી લોકપ્રિયતા કે સફળતા માત્ર એક વ્યક્તિને નહીં પરંતુ તેની સમગ્ર ટીમને આભારી છે. અમે કોવિડના સમયગાળામાં પણ ચાર ઓનલાઈન લાઈવ કાર્યક્રમો કર્યા છે.

**પ્ર. - સુવર્ણજંયતિ વર્ષની ઉજવણી કેવી રીતે કરશો ?**




જ. - આમ તો કોવિડ ના હોત તો ભવ્ય પેકેજ વિચાર્યુ હતુ જેમાં સંગીતના કાર્યક્રમો ઉપરાંત એકેડેમિક સેમિનાર્સ, શિબિરો, વક્તવ્યો વગેરે સાથે મહોત્સવ ઉજવવાનું આયોજન હતુ. શક્ય બનશે તો આવતે વર્ષે પણ તેની સાથે ઉજવણી કરીશુ.

**શિવરંજની પહેલી સંસ્થા છે જ્યાં શ્રોતાઓએ ''રાગ''ની ફરમાઈશ કરી : પં. હરિપ્રસાદ ચૌરસિયા : અમે ગળાના નહીં કાનના રીયાઝને વિકસાવ્યો છે : વાગ્મિન બુચ**


# ગાંધીનગરના ૧૦૦ વેટરનરી ડોકટરે કાળો દિવસ મનાવી વિરોધ દશાવ્યો

## મેનકા ગાંધી શ્વાનના ઓપરેશન અંગે ડોકટરને બેફામ બોલતા વેટરનરી ડોકટર્સ દ્વારા વિરોધ નોંધાવ્યો

ગાંધીનગર, તા.૨૩

ઉતરપ્રદેશના વેટરનરી ડોકટરને શ્વાનની સારવાર અંગે બેફામ વાણી વિલાસ ભાજપના સાંસદ મેનકા ગાંધી દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારે ગાંધીનગર જિલ્લાના ૧૦૦ જેટલા વેટરનરી ડોકટર્સ દ્વારા સાંસદ મેનકા ગાંધીનો ઉગ્ર વિરોધ કરાયો હતો.

મળતી માહિતી મુજબ ઉતરપ્રદેશના વેટરનરી ડોકટરને શ્વાનના ઓપરેશન અંગે સાંસદ મેનકા ગાંધી સાથે થયેલી ટેલીફોનીક વાતચીતની ઓડીયો કલીપ વાયરલ થઈ જતા રાજયના વેટરનરી ડોકટર્સમાં રોષ ભભુકી ઉઠ્યો છે. જેને પગલે ઈન્ડીયન વેટરનરી ડોકટર એસોસિએશન દ્વારા આજના દિવસને કાળા દિવસ તરીકે મનાવ્યો હતો. ત્યારે ગાંધીનગરની સરકારી તેમજ ખાનગી




હોસ્પિટલના વેટરનરી ડોકટરોએ મેનકા ગાંધીએ કરેલા બેફામ વાણી વિલાસનો ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. આ અંગે ગાંધીનગરના વેટરનરી ડો. પ્રતિકે જણાવ્યું હતું કે સાંસદ મેનકા ગાંધી અવારનવાર વેટરનરી ડોકટરો વિરુધ્ધ અપશબ્દો અને અપમાનજનક ભાષાનો ઉપયોગ કરે છે.જે દેશના કોઈ સાંસદને શોભે તેમ નથી. ઈન્ડીયન વેટરનરી એસોસિએશન દ્વારા આ અંગે રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને લોકસભાના અધ્યક્ષાને ઉગ્ર રજુઆત કરાઈ છે. ત્યારે ઈન્ડીયન વેટરનરી એસોસિએશન દ્વારા આજના દિવસને કાળો દિવસ તરીકે મનાવવા માટે વેટરનરી ડોકટરોને આહ્વાન કર્યુ હતું.જેથી ગાંધીનગર શહેર-જિલ્લાના ૧૦૦ જેટલા વેટરનરી ડોકટર્સે આજના દિવસને કાળા દિવસ તરીકે મનાવી પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.

## ગોકુળિયા ગામ બનેલા રાયસણમાં

# વાવાઝોડામાં નમી પડેલા ઈલેક્ટ્રીક પોલ રિપેરીંગમાં તંત્રના ઠાગાઠૈયા

ગાંધીનગર, તા.૨૩

રાજયનું પ્રથમ ગોકુળિયુ ગામ જાહેર થયેલ રાયસણ ગામમાં વાવાઝોડાને કારણે ૧૫ જેટલા ઈલેકટ્રીક થાંભલાઓ વળી ગયા હતા જે અંગે તંત્રમાં વારંવાર રજુઆતો કર્યા પછી પણ તેનો ઉકેલ ના આવતાં ગ્રામજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં ભેળવવામાં આવેલ આ ગામમાં સ્ટ્રીટલાઈટ અને રસ્તાઓમાં પડેલા ખાડાઓને લઈ વારંવાર તંત્ર સમક્ષ લેખિતમાં અને મૌખિકમાં રજુઆતો કરવામાં આવી હોવા છતાં તેનો ઉકેલ આજ દિન સુધી આવ્યો નથી.

રાયસણ ગામે હાઈમાસ્ક પોલ-૧ તેમજ વણકર વાસમાં સ્ટ્રીટલાઈટ, હાઈમાસ્ક પોલ-૧ અને ૪ અન્ય ઈલેક્ટ્રીક પોલ નમી ગયાની વાતને લઈ ગ્રામજનો રજુઆત કરી થાકયા છે પણ ઉકેલ ન આવતાં હવે ગ્રામજનો આના કરતાં ગ્રામ પંચાયત સારી હોવાની વાતો કરી અને તેમને થઈ રહેલા અન્યાય સામે રોષ વ્યકત કરી રહ્યા છે.

રાયસણ એ ૧૯૯૫માં રાજયનું પ્રથમ ગોકુળિયું ગામ તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલે જાહેર કર્યું હતું. મનપામાં ભળ્યા પછી ગ્રામજનોના પ્રશ્નોને લઈ મનપાનું તંત્ર જે ઉદાસીનતા દાખવી રહ્યું છે તેનો લઈ ગ્રામજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

# રાજ્યની આઠ મહાનગરપાલિકાઓમાં અમદાવાદ મોખરે : ગાંધીનગર સાતમા ક્રમે જ્યારે ગ્રામિણ વિસ્તારોમાં બનાસકાંઠા મોખરે

## રાજ્યમાં કુલ ૨,૩૩,૧૭,૦૬૦નું રસીકરણ

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાતની આઠ મહાનગરપાલિકામાંથી સૌથી વધુ રસીકરણ અમદાવાદમાં થયું છે. ત્યારબાદ સુરત બીજા ક્રમે આવે છે. વડોદરા ત્રીજા ક્રમે આવે છે. રાજકોટ ચોથા ક્રમે છે. જામનગર પાંચમા ક્રમે છે. ભાવનગર છઠ્ઠા ક્રમે છે. જ્યારે ગાંધીનગર સાતમા ક્રમે છે અને જૂનાગઢ છેલ્લા એટલે કે આઠમા ક્રમે છે. અમદાવાદમાં ૬,૪૧,૨૨૯ લોકોએ વેક્સિન લીધી છે. જે પ્રથમ ક્રમે છે. જ્યારે જૂનાગઢમાં ૩,૬૬,૩૧૦ લોકોએ વેક્સિન લીધી છે. જે આઠ મહાનગરપાલિકા પૈકી સૌથી ઓછુ વેક્સિનેશન પ્રમાણ ધરાવે છે.

| મહાનગરપાલિકા | વેક્સિન લેનારની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૬,૪૧,૨૨૯ |
| ભાવનગર | ૪,૭૯,૪૯૫ |
| ગાંધીનગર | ૪,૨૨,૦૨૭ |
| જામનગર | ૩,૫૪,૬૯૭ |
| જૂનાગઢ | ૩,૬૬,૩૦૯ |
| રાજકોટ | ૫,૪૪,૨૯૩ |
| સુરત | ૪,૯૫,૧૧૯ |
| વડોદરા | ૬,૦૫,૨૪૪ |
| ટોટલ | ૩,૪૧૩,૨૯૪ |

● **કયા જિલ્લામાં કેટલુ રસીકરણ**

| જિલ્લાનું નામ | કેટલાનું રસીકરણ |
|---|---|
| અમદાવાદ | ૬,૪૧,૨૨૯ |
| અમરેલી | ૪,૩૫,૬૯૪ |
| આણંદ | ૭,૫૯,૦૦૬ |
| અરવલ્લી | ૪,૩૮,૧૮૫ |
| બનાસકાંઠા | ૯,૮૭,૫૯૨ |
| ભરૂચ | ૬,૨૮,૫૮૬ |
| ભાવનગર | ૪,૭૯,૪૯૫ |
| બોટાદ | ૧,૫૭,૪૬૭ |
| છોટાઉદેપુર | ૨,૯૬,૧૭૮ |
| દાહોદ | ૬,૩૬,૬૧૧ |
| ડાંગ | ૫૫,૧૩૦ |
| દેવભૂમિ દ્વારકા | ૨,૭૯,૮૫૪ |
| ગાંધીનગર | ૪,૨૨,૦૨૭ |
| ગીર સોમનાથ | ૩,૫૧,૦૬૭ |
| જામનગર | ૩,૫૪,૬૯૮ |
| જૂનાગઢ | ૩,૬૬,૩૧૦ |
| ખેડા | ૬,૮૭,૭૪૦ |
| કચ્છ | ૬,૫૮,૭૮૫ |
| મહિસાગર | ૪,૪૬,૪૧૮ |
| મહેસાણા | ૮,૫૦,૫૩૨ |
| મોરબી | ૨,૬૮,૦૪૪ |
| નર્મદા | ૨,૩૩,૨૬૯ |
| નવસારી | ૫,૪૨,૭૫૪ |
| પંચમહાલ | ૫,૫૮,૧૯૩ |
| પાટણ | ૪,૦૯,૮૪૨ |
| પોરબંદર | ૨,૮૬,૦૫૬ |
| રાજકોટ | ૫,૪૪,૨૯૩ |
| સાબરકાંઠા | ૫,૫૦,૯૬૮ |
| સુરત | ૪,૯૫,૧૧૯ |
| સુરેન્દ્રનગર | ૪,૩૧,૬૨૦ |
| તાપી | ૨,૭૫,૧૪૫ |
| વડોદરા | ૬,૦૫,૨૪૪ |
| વલસાડ | ૫,૭૦,૫૫૫ |

આમ, ગુજરાતની આઠ મહાનગરપાલિકામાં કુલ ત્રણ કરોડથી વધુ નાગરિકોનુ રસીકરણ થયુ. ગુજરાતના ૩૩ જિલ્લાઓ પૈકી સૌથી વધારે બનાસકાંઠામાં વેક્સિનેશન થયું છે અને સૌથી ઓછુ ડાંગમાં થયું છે.

# અખિલ ભારતીય કુર્મી ક્ષત્રિય મહાસભાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે ડૉ. હિમાંશુ પટેલની વરણી

## ૧૨૬ વર્ષોથી ભારતના ૨૮ કરોડ જેટલાં પાટીદારોને રોટી-બેટીના વ્યવહારથી જોડવાની કામગીરી કરતી આ સંસ્થાની પ્રગતિ માટે ડો. હિમાંશુ પટેલનો સંકલ્પ

ગાંધીનગર, તા. ૨૩

અખિલ ભારતીય કુર્મી ક્ષત્રિય મહાસભાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તરીકે સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક, ગુજરાતના ટ્રસ્ટી અને જાણીતા એડવોકેટ ડૉ. હિમાંશુ પટેલની નિમણૂંક કરવામાં આવી છે. ૧૨૬ વર્ષોથી ભારતના ૨૮ કરોડ જેટલાં પાટીદારોને રોટી-બેટીના વ્યવહારથી જોડવાની કામગીરી કરતી આ સંસ્થાની પ્રગતિ માટે અડાલજવાળા એડવોકેટ ડૉ. હિમાંશુ પટેલે સંકલ્પ વ્યક્ત કર્યો છે.

અખિલ ભારતીય કુર્મી ક્ષત્રિય મહાસભા છેલ્લા ૧૨૬ વર્ષોથી ભારતના ૨૮ કરોડ જેટલાં પાટીદારોને રોટી-બેટીના વ્યવહારથી જોડવાની



કામગીરી કરે છે. આ સંસ્થાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પિતા નંદકિશોર બઘેલના સંનિષ્ઠ પ્રયાસોથી સમાજની એકતા અને સામાજિક વિકાસની કામગીરીમાં પ્રગતિ કરવામાં આવી છે.

આ સંસ્થાના ગુજરાત પ્રદેશ એકમની તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં આ સંસ્થાના નવા હોદ્દેદારોની નિમણૂંક કરવા સાથે નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે ડૉ. હિમાંશુ પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જ્યારે ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકે એમ.એ. પટેલનો કાર્યકાળ પૂરો થતાં તેમની રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. રતનકુંવર ગઢવીચારણની બદલી થતાં મનપાના કર્મચારીઓએ આજે તેમને વિદાય આપી હતી.
- રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીને આજે જિલ્લાઓ સાથે બેઠક યોજી કોવિડ અને વેક્સિનેશન અંગે સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર જિલ્લામાં નાયબ માહિતી નિયામક રતિલાલ તૂરીને સંયુક્ત માહિતી નિયામક તરીકે બઢતી આપવામાં આવી છે.
- ગાંધીનગરમાં છેલ્લા થોડાક દિવસથી કોરોનાનું સંક્રમણ ઘટતાં ટ્રાફિકનું ભારણ વધ્યુ છે તેમજ સરકારી કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યામાં પણ વધારો થવા પામ્યો છે.
- બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડમાં અરજદારો હવે ઓનલાઈન નોંધણી કરાવી શકશે.
- રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આંકડા શાખાના અધિકારીઓને બઢતી અને બદલીના હુકમો જારી કર્યા છે.
- ગાંધીનગર કલેક્ટર કચેરીમાં જનસેવા કેન્દ્રમાં આવતા મુલાકાતીઓ માટે શેડ બનાવતાં મુલાકાતીઓએ રાહત અનુભવી છે.
- શાકભાજીના ભાવમાં ઉછાળો આવતાં મધ્યમવર્ગની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે.
- જિલ્લાના ૧૨ પી.એચ.સી. અને ૧ સી.એચ.સી.ને નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી કરવા તેમજ આ માટેની તૈયારીઓ અને માર્ગદર્શન માટે ક્વોલીટી ઓફિસર દ્વારા વી.સી. કરી માર્ગદર્શન અપાયુ હતુ.

## વેબ ઓફસેટ પ્રિન્ટર્સ એસોસિએશનના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૩

ગુજરાત રાજયના શાળા પાઠ્યપુસ્તક મંડળ સાથે પ્રિન્ટીંગ કામના સંદર્ભે સંકળાયેલા અને મંડળ સાથે કામ કરતા મુદ્રકોના વેબ ઓફસેટ પ્રિન્ટર્સ એસોસિએશનની એક બેઠક તાજેતરમાં મળી હતી.



જેમાં વિવિધ હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. તેમાં પ્રમુખ તરીકે રમેશભાઈ જી. પટેલ (કેપિટલ ઓફસેટ-ગાંધીનગર), ઉપપ્રમુખ તરીકે રસીકભાઈ બી. ગજ્જર (જગદીશ ઓફસેટ-અમદાવાદ), મંત્રી તરીકે જીગ્નેશ પટેલ (આર.કે. પ્રિન્ટર્સ-અમદાવાદ), સહમંત્રી તરીકે સ્નેહલ પટેલ (વિકાસ પ્રિન્ટર્સ-ગાંધીનગર), ખજાનચી તરીકે મનીષ જોશી (શ્રી સોમનાથ ઓફસેટ-ભાવનગર) તથા કારોબારી સભ્ય તરીકે અંકિત પટેલ (બ્રિલીયંટ પ્રિન્ટ હાઉસ-અમદાવાદ)ની વરણી કરવામાં આવી હતી.

## ડભોડા આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વેક્સિનેશન મહા અભિયાનનો શુભારંભ

ગાંધીનગર તાલુકાના ડભોડા આરોગ્ય કેન્દ્ર ખાતે કોરોના વેક્સિનેશન મહાઅભિયાનનો શુભારંભ ગાં. જિ. પં. આ. સમિતિના ચેરમેન મીનાબેન લલિતસિંહ ઠાકોરના હસ્તે કરવામાં આવ્યો હતો. શુભારંભ વખતે ડભોડા આરોગ્ય કેન્દ્ર ખાતે મોટી સંખ્યામાં યુવાનોએ રસીકરણ કરાવ્યુ અને કોરોનાથી રક્ષિત થયા હતા. આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન તથા લલિતસિંહ ઠાકોરે વધુને વધુ કોરોનાની રસી લઈને યુવાનો તેમજ લોકો આ મહામારીથી સુરક્ષિત બને એવી જાહેર અપીલ કરી હતી.



ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બાસણ ગામે નવનિર્મિત પાણીની ટાંકીમાંથી પાણી એટલુ બધુ લીકેજ થાય છે કે તેની આસપાસ પાણીનું તળાવડુ બની ગયુ છે. વાહકજન્ય રોગચાળાની આ સિઝનમાં અહિ રોગચાળો ફાટી નીકળવાનો ભય ગ્રામજનોને સતાવી રહ્યો છે. પાણીનો વેડફાટ થાય નહિ તે જોવાની સરકારની સૂચનાઓ છતાં અહિ પાણી લિકેજીસના નામે વેડફાડ થાય છે... તંત્ર તાકીદે યોગ્ય કાર્યવાહી કરે તેવી ગ્રામજનો અને શહેરીજનોએ માંગ કરી છે.

# હાર્દિક પટેલને રાજ્ય બહાર જવા સેશન્સ કોર્ટની મંજૂરી

## રાજદ્રોહ કેસમાં કોંગ્રેસના નેતાને રાહત

અમદાવાદ, તા. ૨૩

લાંબા સમયથી ચાલી રહેલા રાજદ્રોહના કેસમાં હાર્દિક પટેલને અમદાવાદ સેશન્સ કોર્ટે રાહત આપી છે. સેશન્સ કોર્ટે હાર્દિક પટેલને ૧ વર્ષ માટે રાજ્ય બહાર જવા માટે મંજૂરી આપી છે. કોંગ્રેસ નેતા હાર્દિક પટેલે સેશન્સ કોર્ટમાં રાજ્ય બહાર જવાની મંજૂરી માંગતી અરજી કરી હતી.

અગાઉ રાજદ્રોહ કેસમાં હાર્દિક પટેલને ગુજરાત નહિ છોડવાની શરતે જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. હાર્દિક પટેલને રાજ્યની બહાર નહિ જવાની શરતે કોર્ટે જામીન આપ્યા હતા. રાજ્ય બહાર જવાની માંગણી સાથે કોંગ્રેસના નેતા હાર્દિક પટેલ કોર્ટના શરણે ગયા હતા.

હાર્દિકે પટેલે રાજ્ય બહાર જવા પરમિશન માંગતી અરજી કરી હતી. ત્યારે કોંગ્રેસના કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ હાર્દિક પટેલની અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. ત્યારે હાર્દિક પટેલે રાજ્ય બહાર જવા માટેની શરતો હળવી કરવાની કોર્ટ સામે માંગણી કરી હતી. કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હોવાથી અન્ય રાજ્યોમાં જવું પડતું હોય છે તેવું તેમણે પોતાની અરજીમાં કહ્યું હતું. પરંતુ કોર્ટે તેમની માંગણી ફગાવી દીધી હતી.




## વાવોલમાં ડો. શ્યામાપ્રસાદ મુખર્જીને પુષ્પાંજલી

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં. ૭માં સમાવિષ્ટ વાવોલ ખાતે સ્થાનિક ભાજપ એકમ દ્વારા ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની પુણ્યતિથિએ પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ભાજપના વોર્ડના ઉમેદવારો પ્રેમલસિંહ ગોલ, શૈલેષભાઈ પટેલ, શહેર ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ યુસુફભાઈ શેખ તથા વોર્ડ પ્રમુખ દિલીપસિંહ ગોલ સહિત અગ્રણી સ્થાનિક ભાજપ હોદ્દેદારો-કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા અને ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જીની તસવીરને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**આપણે ગામડાવાળાને સારુ છે કે, સરકાર આપણને શૌચ પછી એકવાર હાથ ધોવાની સલાહ આપે છે... શહેરવાળાને તો ગયા વગર આખો દી એમને એમ હાથ ધોવાની સલાહ આપે છે...!!**